# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT

૧૫ મી જુન ૨૦૧૭ Vol. 11 No. 6


## મજા (?) કરી લેતા બે આજીવન બ્રહ્મચારીઓ !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :

**www.satyanveshan.com** પર જાઓ.

## વ્યારા (તાપી) ખાતે ડો. આંબેડકર અને મહાત્મા જોતીબા ફુલેની જન્મ જયંતીની સંયુકત ઉજવણી

તા. ૧૪-૪-૧૭ના રોજ ઓ.બી.સી., એસ.ટી., એસ.સી., માઈનોરીટી સંઘ, અંધશ્રદ્ધા નિવારણ સમિતિ તેમ જ ફૂલમાળી સમાજ, વ્યારાના ઉપક્રમે ડો. બાબાસાહેબની ૧૨૬મી તથા મહાત્મા જોતિબા ફુલેની ૧૯૦ મી જન્મજયંતીની સંયુકત ઉજવણી થઈ હતી. વીશાળ શોભાયાત્રા બાદ આંબેડકરનાં પુતળા પાસે સભા-સમારંભ થયાં હતાં. સ્વાગત વીધી બાદ બાબાસાહેબની પ્રતીમાએ ઉપસ્થીત સૌએ ફુલહાર કર્યા હતા. શામીયાણામાં વીશાળ જનમેદની સમક્ષ સુરેશભાઈ સાલ્વેએ પ્રાસંગીક વાતો કરી. ત્યારબાદ આમંત્રીત માજી સાંસદ ડો. તુષાર ચૌધરી, વર્તમાન ધારાસભ્ય પુનાજીભાઈ ગામીત તેમ જ નગરપાલીકા અધ્યક્ષા દીપાલીબહેન પાટીલ વગેરેએ બાબાસાહેબ તેમ જ મ. ફુલેજીની જીવન ઝરમરની પ્રસંગોચીત વાતો કરી. કાર્યક્રમ દરમીયાન નીવૃત્ત પ્રા. શાંતીલાલ મેરાઈનાં હસ્તે ડો. ગણેશ ખૈરે લીખીત પુસ્તક, 'મહાત્મા જોતીબા ફુલે' પરીચય પુસ્તીકાનું વીમોચન સર્વે મહાનુભાવોની હાજરીમાં થયું હતું. પ્રો. મેરાઈએ મ. ફુલેનું સાહીત્ય ગુજરાતીમાં ઘણું ઓછું છે તે જણાવી ફુલેજીનાં કાર્યોને યાદ કર્યા હતા, અને ડો. ખૈરેને પુસ્તીકાનું પ્રકાશન કરવા બદલ અભીનંદન આપ્યા હતા. ત્યારબાદ ડો. ગણેશભાઈએ ફુલેજીનાં જીવનનાં અમુક પ્રસંગો વર્ણવી પુસ્તીકા પ્રસીદ્ધ કરવાની જરુર જણાવી. નવી પેઢીને મ. ફુલેજીના જીવનની માહીતી ઘણી ઓછી છે. સત્યશોધક સમાજના સ્થાપક (તા. ૨૪ સપ્ટે. ૧૮૭૩), વીધવા પુનર્વીવાહ, સ્ત્રીશીક્ષણ, સતીપ્રથા વીરોધ, બાળ લગ્નોનો વીરોધ વગેરે એમના સમાજ સુધારક કાર્યોથી જ્ઞાત થવું જરુરી છે. આ જ કારણોસર ફુલેજી ડો. બાબા સાહેબનાં પ્રેરણાસ્રોત બની રહયા. એ બંનેએ પછાત વર્ગો માટે કરેલા અમુલ્ય પ્રદાન, અને આધુનીક બંધારણનું ઘડતર વગેરેને યાદ કર્યા હતા. આધુનીક ભારતનાં ઘડવૈયાને આજના સ્મૃતી-સુમન અર્પણ કરવાના સંયુકત સુઅવસરે પુસ્તીકા વીમોચનને એક સુયોગ જ ગણવો રહયો. અંતમાં હેમંતભાઈ તરસાડીયાએ આભારવીધી કરી. ચેતન સી. ભીવેચીત્રાએ કાર્યક્રમનું સુપેરે સંચાલન કરતા કરતા બન્ને મહાનુભાવોનાં જીવનની રોચક વાતો વચમાં મુકતા રહી સૌને માહીતી

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
પ્રેમ સુમેસરા

સુનીલ શાહ
સીદ્ધાર્થ દેગામી

દીલીપ નેમલાવાલા
મનસુખ નારીઆ

૧૫ જુન ૨૦૧૭ | સળંગ અંક : ૩૦૭ | Vol. 11 No. 6

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## મજા (?) કરી લેતા બે આજીવન બ્રહ્મચારીઓ !

–સુર્યકાન્ત શાહ

સમાજમાં વૈજ્ઞાનીક અભીગમ વીકસે તે માટેનું કામ કરવાનું હવે માત્ર રેશનાલીસ્ટોના ફાળે આવ્યું છે. એમણે જ પોતાનો ખભો ધરવો પડે એમ છે. આપણા દેશની લગભગ બધી જ સંસ્થાઓમાં અવૈજ્ઞાનીક અભીગમ ધરાવતા લોકો ઘુસી ગયા છે. તેઓ ૨૪/૭ અને બારે મહીના લોકોને અંધશ્રદ્ધા, વહેમ અને વીભાજન તરફ ધકેલવાનું અભીયાન લઈને બેઠા છે.

આપણા ન્યાયતંત્રમાં સ્થીર બુદ્ધીવાળા, તટસ્થ અને કાર્ય-કારણના સાચા સંબંધોને સમજવાવાળા ન્યાયધીશો કાર્યરત રહે એવી અપેક્ષા પણ હવે ઠગારી નીવડી છે. રાજસ્થાનની હાઈકોર્ટના આશરે વીસેક દીવસ પહેલા નીવૃત્ત થયેલા મહેશચંદ્ર શર્માએ તો અવૈજ્ઞાનીકતાની બાબતમાં બધી જ સરહદો વળોટી દીધી છે. નીવૃત્ત થવાના દીવસે એમણે આપેલા ચુકાદામાં એમણે વણમાંગ્યુ જણાવી દીધું કે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવામાં આવે. ન્યાયાધીશ અને તે પણ હાઈકોર્ટના હોવા છતાં શર્મા જાણતા નથી કે વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર

---

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

થયાને દાયકા વીતી ગયા છે ! હવે તેઓ વાઘની સામે ગાયને મુકવા માંગે છે ! નીવૃત્તી પછી સરકારની રહેમ નજર હેઠળ ન્યાયધીશોને વીવીધ કાર્યો સોંપાય છે, જેમાં ખાસ્સી કમાણી થાય છે. હમણાં વાતાવરણ એવું છે કે હીંદુત્વને ટેકો આપનારા અને નરેન્દ્રભાઈ મોદીને ‘પ્રસન્ન’ કરનારાને આવાં ઘણાં કામ મળે છે. ગાય અંગેનો એમને ચુકાદો (વાસ્તવમાં વકીલાત) આ વાતાવરણની સાથે અનુકુલન કરવાનો પ્રયત્ન છે. બીચારો ડાર્વીન ! અહીં જુદી જ રીતે એનો સીદ્ધાંત કામ કરી ગયો.

શર્મા અહીં અટકયા નથી. એમણે એમની ડફોળ વીદ્યા પર ચાર ચાંદ લટકાવી દીધા છે. એટલું સારું છે કે નીવૃત્ત થઈ ગયા પછી એક સામાન્ય નાગરીક તરીકે એમણે નીવેદન કર્યું કે મોર અને ઢેલ કદી સંભોગ કરતાં જ નથી ! એ બન્ને આજીવન બ્રહ્મચારી છે ! બધાં જ મોર અને ઢેલના મા-બાપ બ્રહ્મચારી છે. શર્માને મત બ્રહ્મચર્ય જાણે આદર્શ અને વંદનીય અવસ્થા છે. મોર જ્યારે કળા કરે ત્યારે એની આંખમાંથી પડતાં આંસુ ઢેલ ઝીલી લે છે. એનાથી એને ગર્ભ રહે છે ! કદાચ, હનુમાનજીના અને એવાં અન્ય પૌરાણીક પાત્રોના જન્મની દંતકથામાંથી પણ શર્માજી આ જ્ઞાન પામ્યા હોય ! આ શર્માજી અને એમના જેવાને મોર-ઢેલના જીવનની સાચી પરીસ્થીતી સમજાવવા મુખપૃષ્ઠ પર એ બન્નેની સંભોગલીલાને (જરાયે અશ્લીલતા વચ્ચે લાવ્યા વીના) દર્શાવી છે.

આવી જ અવૈજ્ઞાનીકતા એકવારના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પી.એન. ભગવતીએ પ્રદર્શીત કરી હતી. સાંઈબાબા તો તૃતીય વર્ગના હાથચાલાકી કરતા જાદુગર હતા. એમની એવી હાથચાલાકીને ચમત્કારમાં ખપાવી એમણે ખર્વોમાં સંપત્તી એકત્રીત કરી હતી. સાંઈબાબાના અવસાન બાદ એમની એ સંપત્તી પર ભગવતીની નજર હતી. આથી એમણે જાહેર કરેલું કે એમણે આપેલા બધા ચુકાદા સાંઈબાબાએ લખાવ્યા હતા ! એમની એ લાલચુ અવૈજ્ઞાનીકતાને આથી જ ‘સત્યાન્વેષણ’ના ૧૫-૫-૧૧ના અંકના મુખપૃષ્ઠ પર દર્શાવવાની સત્યશોધક સભાને ફરજ પડી હતી.

---

જીંદગીમાં કશાથી પણ ભય પામવાનું હોતું નથી. જે કંઈ પણ તમારી સામે આવે છે એને સમજવાનું હોય છે. જેમ જેમ વધારે ને વધારે સમજશો તેમ તેમ તમને ભય ઓછો લાગશે. - મેરી કયુરી

# ધર્મ અને રાષ્ટ્રવાદ

-તંત્રી લેખ

વીશ્વના પરીપ્રેક્ષ્યમાં વીચારીએ તો 'રાષ્ટ્રવાદ' પણ સંકુચીતતાની કક્ષામાં આવે છે. પૃથ્વી પર શ્વસતા પ્રત્યેક માનવીનું અંતીમ ગંતવ્ય સ્થાન તો 'વીશ્વમાનવ' બનવા તરફનું જ હોવું જોઈએ. 'પૃથ્વી મારું ઘર અને એમાં વસતા સૌ માનવો મારા ભાઈબંધ' જેવી બંધુત્વ ભાવના ખીલે અને વીકસે એનાથી રુડું બીજું શું હોઈ શકે ? ૨૧ મી સદીમાંયે આપણે જ્ઞાતી-જાતી-કોમ-કોમ, સંપ્રદાય, ધર્મ, પ્રાંતવાદ, ભાષાવાદ જેવા ખાબોચીયામાંથી બહાર નથી આવી શકયા. આધુનીક ટેકનોલોજીનાં સુખસગવડનાં સાધનોને આપણે જે સહજ સંપુર્ણ રીતે સ્વીકારી લઈએ છીએ તે રીતે આધુનીક વીચારધારા સ્વીકારવામાં મન પાછુ પડે છે. શરીરને આધુનીકતા ખપે, પરંતુ મન હજુ પણ જુનવાણી જાળામાંથી મુકત નથી થઈ શકતું.

આપણા જ દેશની વાત કરીએ તો જે દેશની ધરતીએ 'વસુધૈવ કટુંબકમ' જેવું સુત્ર આપ્યું તે જ દેશમાં વર્ણવ્યવસ્થા અને જાત-ભાતના સંપ્રદાયો કે ભાષાઓ અને ભીન્ન ભીન્ન પ્રકારની સંસ્કૃતીઓ અસ્તીત્વ ધરાવતી હોય અને એમની વચ્ચે લોહી તરસ્યા સંઘર્ષ થતા હોય એને વદતોવ્યાઘાત જ કહેવાયને ! ધર્મ અને સંપ્રદાયોએ માણસોની વાડાબંધી કરી, એવું કહેવું એમાં કયા અતીશયોકતી આવે છે ? ધર્મ એ પ્રાદેશીક જરુરીયાત પર ઉભી થયેલ વીચારધારા છે, જયારે વીજ્ઞાન એ સાર્વત્રીક સત્ય છે. આપણા દેશમાં ધર્મનું પ્રભુત્વ અને બાહુલ્ય અધીક હોવાને કારણે રાષ્ટ્રવાદ જોઈએ એટલો વીકસી નથી શકયો. ચીન અને જાપાન જેવા દેશોમાં ધર્મનું પ્રભુત્વ નહીંવત્ હોવાને કારણે રાષ્ટ્રવાદ ખીલેલો છે એમ કહી શકાય. આધુનીક યુગમાં ધર્મ અને રાષ્ટ્રવાદની વીભાવનામાંથી બહાર નીકળી 'વીશ્વમાનવ' અને 'વૈશ્વીક માનવવાદ' તરફ આગળ વધવું એ જ સારી અને સાચી વીચારધારા હોઈ શકે. વીશ્વને આ જ વીચારધારા બચાવી શકે એમ છે. આથી આ બધી બાબતોની શાંત ચીત્તે અને સ્વસ્થતાથી ચર્ચા થઈ શકે તે હેતુથી સત્યશોધક સભાએ તા. ૧૬-૭-૧૭ના રોજ 'ધર્મ અને રાષ્ટ્રવાદ' પર એક દીવસીય શીબીરનું આયોજન કર્યું છે. એ અંગેની વીગતો આ અંકમાં અન્યત્ર પ્રગટ થઈ છે. પ્રવર્તમાન પરીસ્થીતીમાં જરાયે ઉશ્કેરાટ વીના લોકોમાં આ વીષય પર ચર્ચા થાય તે જરુરી છે. આથી આ શીબીરમાં ભાગ લેનારા શીબીર પુરી થયા બાદ પોતપોતાનાં વર્તુળોમાં આ અંગેની શાંતીભરી અને સ્વસ્થતાપુર્ણ ચર્ચા ઉપાડે તેવી અપેક્ષા છે.

# રેશનાલીઝમનો જન્મ માનવ પ્રત્યેની અનુકંપાને કારણે

-એન. વી. ચાવડા, કડોદ

રેશનાલીઝમ આજે કોઈ વ્યકતીગત કે પ્રાદેશીક વીચારધારા રહી નથી. એ વૈશ્વીક વીચારધારા છે. વળી એ વૈજ્ઞાનીક વીચારધારા હોવાથી તે સાર્વત્રીક અને સર્વકાલીન વીચારધારા પણ છે. જેથી તેમાં કોઈ વ્યકતીગત લાગણી કે આસ્થાને સ્થાન નથી. રેશનાલીઝમમાં તર્ક અને અનુભવ સીવાય કશું જ નથી. જ્યાં તર્ક નથી ત્યાં રેશનાલીઝમ નથી.

આજે રેશનાલીઝમ એ કોઈ તાજું જન્મેલું કે નાનું બાળક નથી, પરંતુ તે પુખ્ત અને પીઢ થઈ ગયેલી વીચારધારા છે. તેથી સમાજ રેશનાલીઝમના નીરીશ્વરવાદથી જરાય ભડકતો નથી. હા, ધર્મ અને ઈશ્વરને નામે વ્યવસાય કરનારા કે જેમના સ્થાપીત હીતો છે તે તેનાંથી અવશ્ય ભડકે છે. એમનું ભડકવાનું પણ મુળ કારણ નીરીશ્વરવાદ નહીં, પરંતુ એમના ધંધાના અસ્તીત્વ સામેનો ભય હોય છે. બાકી નીરીશ્વરવાદથી આમ જનતા જરાય ભડકતી નથી, સીવાય કે સ્થાપીત હીતો દ્વારા આમજનતામાંનાં કેટલાંક અસામાજીક તત્વોને લાલચ દ્વારા ખાસ ભડકાવવામાં આવે. ડો. દાભોલકર અને પાનસરે આદી રેશનાલીસ્ટોનાં જે ખુનો થયાં છે તે આમજનતા દ્વારા નથી થયાં, પરંતુ સ્થાપીત હીતોનાં ભાડુતી તત્વો દ્વારા જ થયાં છે. આમજનતાને નીરીશ્વરવાદ સામે ખાસ કોઈ વાંધો નથી. તેને પોતાની ઈજ્જત અને માન-સન્માન ન સચવાય તો, તેની સામે જ વાંધો છે. વળી એનો મુળ અને મુખ્ય પ્રશ્ન માત્ર રોજી-રોટીનો જ છે. નીરીશ્વરવાદ એમને માટે કોઈ સમસ્યા નથી. તેથી આમજનતા નીરીશ્વરવાદ સામે બળવો કરે એવો કોઈ ભય હરગીઝ નથી. અલબત્ત સ્થાનીક હીતો દ્વારા એકલ-દોકલ રેશનાલીસ્ટો ઉપરના હુમલાને આમજનતાના બળવામાં ખપાવી દેવામાં આવે તો તે અલગ બાબત છે.

વળી આપણા ભારત માટે તો નીરીશ્વરવાદ એ કોઈ નવી વાત નથી. નીરીશ્વરવાદ પ્રાચીન ભારતીય પ્રખ્યાત પરંપરા છે. આપણી ૫૦૦૦ વર્ષ પુરાણી મોહન-જો-દડો અને હડપ્પાની સીંધુ ખીણની સંસ્કૃતીમાં ઈશ્વરવાદ નથી. આજથી ૩૫૦૦ વર્ષ પહેલાં આવેલા આર્યોએ ભારતમાં ઈશ્વરવાદની સ્થાપના કરી હતી. જેનો આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં મહર્ષી બૃહસ્પતીએ પ્રબળ વીરોધ કરેલો. જેને કારણે એમનાં સાહીત્ય સહીત એમને જીવતા સળગાવી દેવામાં આવેલા, તેમ છતાંય ભારતમાંથી નીરીશ્વવરવાદનો નાશ થયો નહોતો કારણ કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં બુદ્ધ અને મહાવીર દ્વારા ઈશ્વરવાદનો ધ્વંસ અને

નીરીશ્વરવાદનો પુનરોદય થયો હતો. બૌદ્ધ ધર્મના નાશ પછી સીદ્ધપંથ અને નાથપંથના યોગીઓએ નીરીશ્વરવાદ ચાલુ રાખ્યો હતો. મધ્યકાળમાં થઈ ગયેલા રૈદાસ, કબીર, નાનક અને તુકારામ જેવા અનેક સંતો પણ અલૌકીક ઈશ્વરમાં માનતા નહોતા. પોતાના મનને જ તેઓ ઈશ્વર કહેતા હતાં. મનુષ્ય પોતે જ ઈશ્વર છે અથવા ઈશ્વરને પોતાની અંદર ઢુંઢો એવો એમનો ઉપદેશ હતો. તેથી જ આ બધા સંતો ઉપર પણ અત્યાચારો થયા હતા. રૈદાસ અને તુકારામનાં ખુનો થયાં હતાં. એમના અસલ સાહીત્યનો પણ નાશ કરવામાં આવ્યો છે. આજે જે સાહીત્ય ઉપલબ્ધ છે તે વીકૃત અને ભેળસેળીયુ છે. એમને નામે અન્ય લોકોએ રચીને તેમાં ઈશ્વરવાદ અને ચમત્કાર ઘુસાડી દીધેલા છે. તેથી પ્રચલીત સંત સાહીત્યને પણ આજે વીવેકબુદ્ધીની એરણે ચકાસીને લેવાનું છે.

આપણા દેશમાં રેશનાલીઝમનો ફેલાવો થતો નથી તેનું કારણ તેની અંદરનો નીરીશ્વરવાદ નથી, પરંતુ તેનુ કારણ એ છે કે રેશનાલીઝમને રાજ્યાશ્રય નથી. અર્થાત્ આપણી સરકારનો રેશનાલીઝમને સાથ નથી. આપણા દેશનો ઈતીહાસ કહે છે કે ભુતકાળમાં જે જે ધર્મોને રાજયાશ્રય મળ્યો છે, તે તે ધર્મો દેશ-વીદેશમાં સર્વત્ર ફેલાયા છે. જેનું વીખ્યાત ઉદાહરણ છે અશોક અને બૌદ્ધ ધર્મનું. બૌદ્ધ ધર્મને અશોક દ્વારા રાજયાશ્રય મળ્યો તેથી જ તે ઈ.સ. પુર્વે માત્ર સમગ્ર દેશમાં જ નહીં, પરંતુ એશીયા અને યુરોપના અમુક દેશોમાં પણ પહોંચી ગયેલો. ખેદની વાત એ છે કે આજે આપણા ભારતીય બંધારણે કલમ ૫૧(A)H દ્વારા સમાજમાં વૈજ્ઞાનીક અભીગમ પ્રસરાવવાનો આદેશ આપ્યો હોવા છતાં કેન્દ્ર અને રાજયોની સરકારો તે પ્રત્યે ભારે ઉદાસીનતા સેવે છે. બાકી જો દ્રશ્ય, શ્રાવ્ય, પ્રીન્ટ, મીડીયા અને પ્રચારકો દ્વારા સરકારી રાહે રેશનાલીઝમના પ્રચારનું કાર્ય ચાલુ થાય તો થોડા વર્ષોમાં સર્વત્ર રેશનાલીઝમનો ઝંડો ફરકતો અવશ્ય થઈ જાય.

હાલના સંજોગો એવા છે કે દલીતો, આદીવાસીઓ અને અન્ય પછાત વર્ગોનો એક મસમોટો સમુહ ઈશ્વર અને તદ્જન્ય ધર્મો પ્રત્યે ભયાવહ રીતે શંકાની નજરે જોઈ રહયો છે, કારણ કે ઈશ્વર અને તદ્જન્ય ધર્મોને માનનારા લોકો જ તેમનું શોષણ, અન્યાય, અત્યાચાર, બળાત્કાર અને ખુનો નીર્લજ્જતાથી અને નીર્મમતાથી કરી રહયા છે. તેમને પ્રશ્ન છે કે, ‘ઈશ્વરને માનનારા લોકો આવા અન્યાયી, નીર્દયી, ક્રુર અને અમાનુષી કેમ ?’ એમને આ દલીત શોષીત પીડીત લોકો એવા કોઈક બળવાન નેતાની રાહ જોઈ રહયાં છે, કે જે એમને આ ભયાનક દુઃખદ પરીસ્થીતીમાંથી બહાર કાઢે. ઈશ્વરના અસ્તીત્વ પ્રત્યે જ

આ લોકો તીવ્ર શંકાશીલ બન્યા છે. ડો. બાબાસાહેબ આંબેડકરને પગલે બૌદ્ધ ધર્મને શરણે જનાર લોકો નીરીશ્વરવાદને અપનાવી લેવામાં જરા પણ હીચકીચાટ અનુભવતા નથી. દલીતો દરરોજ બુદ્ધને શરણે આ રીતે જઈ જ રહયા છે. દલીતો અને આદીવાસીઓમાં નીરીશ્વરવાદની ચર્ચા સામાન્ય બાબત છે. તેથી નીરીશ્વરવાદના પ્રચારથી પ્રજા ભયાનક બળવો કરી મુકશે એવી વાતમાં કોઈ દમ નથી. વળી નીરીશ્વરવાદના પ્રચારને કારણે લોકો રેશનાલીઝમને જ ફેંકી દેશે એ વાત પણ નીરાધાર કાલ્પનીક છે. સરકાર જો રેશનાલીઝમને પડખે હોય તો રેશનાલીઝમ કે રેશનાલીસ્ટ બેમાંથી કોઈનો વાળ પણ વાંકો થઈ શકે નહીં. વળી રેશનાલીઝમ તો વૈજ્ઞાનીક માનવવાદી વીચારધારા છે, તેથી તેનો તો નાશ કદી થવાનો જ નથી કારણ કે રેશનાલીઝમનો જન્મ નીરીશ્વવરવાદના પ્રચાર માટે જ નહી, પરંતુ સ્થાપીત હીતો દ્વારા થઈ રહેલા લોકોના તન-મન અને ધનના શોષણ વીરુદ્ધ થયો છે.

---

# ચાલો અભીગમ બદલીએ
# સમુહ લગ્નોત્સવમાં એક નવતર પ્રયોગ

---

**-સીદ્ધાર્થ ટી. દેગામી**

તા. ૫ મી મે થી તા. ૯ મી મે, ૨૦૧૭ સુધી શ્રી કુંવારા ગામ કડવા પાટીદાર સમુહ લગ્ન સમીતી દ્વારા ‘ત્રેવીસમો સમુહ લગ્નોત્સવ’ કુંવારા ગામ, તા. સીદ્ધપુર, જી. પાટણ ખાતે યોજવામાં આવ્યો હતો. ‘૨૩ મો લાડલી ઉત્સવ’ ના નામે યોજાયેલા આ લગ્નોત્સવના આયોજકોએ રુઢીગત અભીગમમાં ફેરફાર કર્યો. લગ્નોત્સવ લગ્નજીવનની સપ્તપદી કે ચાર ફેરા પુરતો સીમીત રાખવામાં આવ્યો ન હતો. પરંતુ પાંચ પગલાં સુખી જીવન માટે ‘સમજણ પંચામૃત’ના ધ્યેય સાથે રાખવામાં આવ્યો હતો. આ પાંચ પગલાં એટલે (૧) જાગૃત નાગરીક : જાગૃત નાગરીક બનો. ૧૦૦ ટકા મતદાન કરો. કોઈના પ્રભાવમાં આવ્યા વગર રાષ્ટ્રહીતનું વિચારો. (૨) નીરોગી સમાજ : વ્યસનમુકત નીરોગી અને નીર્ભય બનવું. પર્યાવરણનું જતન કરવું. (૩) સામાજીક સંતુલન : દીકરા - દીકરી વચ્ચેના ભેદભાવ દુર કરો. સ્ત્રીભ્રુણ હત્યાને અટકાવો. જન જાગૃતી કેળવો. (૪) શીક્ષણને પ્રાધાન્ય : બાળકોના શીક્ષણને પ્રાધાન્ય આપવું. દીશા અને પ્રેરણા આપવી. ૧૦૦% શીક્ષીત સમાજ ધ્યેય અને (૫) વૈજ્ઞાનીક અભીગમ : અંધશ્રદ્ધા, કુરીવાજોમાંથી બહાર આવવું, ખોટા ખર્ચા બંધ કરવા.

આ વીગતો લગ્ન પત્રીકામાં છાપવામાં આવી.

સામાન્ય રીતે લગ્ન પ્રસંગ હોય એટલે વીધી, વરઘોડા, લગ્નગીતો, ડીજેના મ્યુઝીક સાથે રાસ-ગરબા, હસ્ત-મેળાપ અને ભોજન સમારંભનું આયોજન હોય. અત્રે નોંધ લેવી ઘટે કે આ સમુહ લગ્નોત્સવના આયોજકોએ અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું. રાત્રીના સમયે ૯ થી ૧૧ જનજાગૃતી માટે વ્યસનમુકતી, પર્યાવરણ જાળવણી, બેટી બચાવો અને અંધશ્રદ્ધા નીવારણ માટે જુદી જુદી સંસ્થાઓના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. અંધશ્રદ્ધા નીવારણ માટે સત્યશોધક સભા, સુરતને નીમંત્રણ આપવામાં આવ્યું હતું. મંત્રી સીદ્ધાર્થ દેગામી, ખીમજીભાઈ કચ્છી, બાબુભાઈ વાઘાણી અને ભવાન પોકાર તરફથી રજુ થયેલ કાર્યક્રમ રાત્રીના બાર વાગ્યા સુધી ચાલ્યો. ગામના ૨૦૦૦ જેટલા લોકોએ કાર્યક્રમ નીહાળ્યો. કહેવાતા ચમત્કારો, વળગાડ, માતા આવવા, તાંત્રીક અને મેલી વીદ્યાવીષયક માન્યતાઓનું વૈજ્ઞાનીક રીતે ખંડન કર્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં કાર્યક્રમના દાતા શ્રી નાથાભાઈ વીરચંદભાઈ પટેલ, કુંવારા ગામના સરપંચશ્રી નરોત્તમ જે. પટેલ, આગેવાન શ્રી કરસનભાઈ લાલાભાઈ પટેલ, શ્રી પ્રફુલ્લભાઈ ધનાભાઈ પટેલ, મંત્રીશ્રી ગણેશભાઈ મગનભાઈ પટેલ તથા ગામના યુવાનોનો સહયોગ મળ્યો.

કાર્યક્રમના એક દીવસ પહેલા અમો પાટણ પહોંચી ગયા હતા. સાંજે કોઈ કાર્યક્રમ ન હતો. સમયનો સદુપયોગ અને વીચારોની આપ-લે થાય એવા આશયથી ખીમજીભાઈએ તેમના સંબંધી (જમાઈ) શ્રી જયંતીભાઈ કાલરીયા (બાલીસણ)નો સંપર્ક કર્યો. તેમણે પાટણ અને આસપાસ રહેતા કાલરીયા પરીવારના વડીલો, યુવાનોને માટે ચર્ચાસભાનું આયોજન કર્યું. શ્રી બાબુભાઈ વાઘાણીએ ચર્ચામાં 'ચમત્કારો અને લોકોની માનસીકતા' વીશે વાતો કરી. વીવીધ યુકતી-પ્રયુકતીઓ દ્વારા સૌને વીચારતા કરી મુકયા.

બીજે દીવસે અમો પાટણનીવાસી ભાવનાબહેન કાલરીયા અને પ્રકાશભાઈ કાલરીયાના મહેમાન બન્યા. તેમણે અમારી આગતા-સ્વાગતતા સાથે પાટણનાં જાણીતાં સ્થળોની મુલાકાત કરાવી. પાટણમાં રાવીની વાવ, સહસ્રલીંગ તળાવ, મોઢેરાનું સુર્યમંદીર, સીદ્ધપુરનો રૂદ્રમાળ અને પાટણના પટોળાના વણાટ ઉદ્યોગ જોયા. આમ અમારા માટે આ પ્રવાસ અંધશ્રદ્ધા નીવારણ કાર્યક્રમની સાથે સાથે ઐતીહાસીક સ્થળોની મુલાકાતનો પ્રવાસ પણ બની રહયો.

# કાયદાનું રાજ ખરું, પણ કાયદો–ન્યાયતંત્ર કોના ?

-મોહન પટેલ

(લેખકની ઈચ્છાનુસાર આ લખાણ સાર્થ જોડણીકોશમાં છે)

વિદ્વાન ગોલ્ડ સ્મિથનું કથન ઘણું બધું કહી જાય છે. તે કથન એ છે કે

Law grinds the poor and rich men rule the law = એટલે કે,

**'કાયદો ગરીબોને કચડે છે, અને શ્રીમંતો તે કાયદા ઉપર રાજ કરે છે.'**

આ કથન ભારત અને વિશ્વમાં વધતી મૂડીવાદી આર્થિક સ્થિતિમાં પણ સામ્ય દર્શાવે છે. આજે ઘણા કડક કાયદાઓ એવા છે કે જે મૂડીપતિ-ધનવાનને કચડી શકતા નથી. હાલની કોર્ટમાં અસંખ્ય કોર્ટ કેસ પેન્ડિંગ છે. તેનો નિકાલ વર્ષો સુધી આવતો નથી. મુદતો-ઠરાવો અને વકીલોની દલીલબાજીથી ગરીબ મૃત્યુ પામે ત્યાં સુધી પણ સાચો ન્યાય પામતો નથી. વારસદારો પક્ષકારો-ફરિયાદીઓ પણ મરી જાય તેવી સ્થિતિમાં પક્ષકારો-ફરિયાદીઓ કોર્ટનાં પગથિયાં - ન્યાય મેળવવા માટે પણ ચડવા માંગતા નથી, અથવા દેવાદાર થવા માંગતા નથી. ઘણીવાર સત્ય ફાંસીના માંચડે ચડી જાય છે. અસત્યનો વિજય થાય તેવી આજની સ્થિતિમાં લોકોને લોકશાહીમાં વિશ્વાસ બેસતો નથી. ગંદા રાજકારણ-અરાજકતા, આતંકવાદ-ગુંડાગીરી, ત્રાસવાદના મૂળના પાયામાં આપણે ઊભી કરેલ અમીર-ગરીબની ઊંડી ખાઈની ભયજનક સ્થિતિ છે. તેથી લોકશાહી-ગરીબોની કસોટીરૂપ બની ગઈ છે. તેથી ઘણીવાર આજે જાહેર ન કરેલી કટોકટીનો માહોલ જોવા મળે છે.

# સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

**(૧) શ્રી નાની છાસઠ તાપી સમાજ,** સુરત આયોજીત માતાના આઠમના પ્રસંગે અંધશ્રદ્ધા નીવારણ માટે સત્યશોધક સભાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમાજના અગ્રણી શ્રી સંજયભાઈ નાયી, મંત્રી શ્રી મુકેશભાઈ વૈધ, મણીલાલ નાયી તથા મોતીરામ નાયીએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં વીવીધ પ્રયોગોની સાથે માતાજી આવવાના મનોવૈજ્ઞાનીક કારણો તેમ જ ભૂવા , ભગત, તાંત્રિકો, જયોતીષો  વીશે ચર્ચા કરવામાં આવી હતી.

સભાના મંત્રી સીદ્ધાર્થ દેગામી, કારોબારી સભ્યશ્રી કીર્તીભાઈ માંડલેવાલા અને જયભારતી કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના શ્રી દીનેશભાઈ પટેલે પ્રયોગ નીદર્શન સાથે કાર્યક્રમ આપ્યો હતો.

**(૨) સેન્ટ મીરાં સ્કૂલ, અંબેનગર, સુરત** ખાતે સભાના 'ચમત્કારોના પર્દાફાશ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શાળાના આચાર્યાશ્રી પારૂલબહેન દેસાઈએ આવકાર અને પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યાં હતાં. સભાના મંત્રી સીદ્ધાર્થભાઈ દેગામી, શ્રી ધીરજલાલ ભુવા, શ્રી હર્ષદભાઈ પટેલે કાર્યક્રમ આપ્યો હતો.

# ઢાંકણુ

**–સૂર્યકાન્ત શાહ**

(જનક નાયકે સાહિત્યના બધા પ્રકાર પર હાથ અજમાવ્યો છે, પણ એમને સૌથી વધારે પ્રિય નવલિકાનો પ્રકાર હતો. આથી એમની યાદમાં આ એક નવલિકા એમને અર્પણ કરવા માટે લખી છે. આશા રાખું કે વાચકોને ગમશે. ઉંઝા જોડણી જ રેશનલ છે, પણ જનકનો સાર્થ માટેનો જ આગ્રહ હતો. તેથી આ નવલિકા સાર્થ જોડણીમાં છે.)

'ચેતન, પ્રમીલા તો નવમામાં બીજી વાર નાપાસ થઈ, મને લાગે છે કે એના પર કોઈએ કંઈ કરી નાંખ્યું છે.'

'મમ્મી...તું પણ શું ! એમ કોઈ બહેનને કંઈ કરી નાંખવાને નવરું નથી. એ પરીક્ષા ટાણે સરખી વાંચવા જ કયા બેસે છે ? અડધો-પોણો કલાક વાંચ્યુ, નહીં વાંચ્યું કે તરત એની બહેનપણીઓ એને બોલાવવા આવી જ જાય. એમ જ ચોપડા રેઢા મુકીને પ્રમીલા એમની સાથી નીકળી જ જાય. પછી કયાંથી પાસ થાય ?'

'તો પછી એની સાથે જ રમતી અને ટાઈમ બગાડતી એની બહેનપણીઓ કેમ પાસ થઈ ગઈ ? તું મારી વાત માન, આપણી પમલી હોંશિયાર જ છે, પણ એને કોઈએ કરી નાંખ્યું છે, એટલે એ બિચારી નાપાસ થાય છે. કહે છે કે પાદરના મહાદેવના મંદિરે મહાનંદજી નામના કોઈ સાધુ-બાવા આવ્યા છે તે બહુ ચમત્કારી છે. ભલભલાને થયેલા મારણને ઉતારી કાઢે છે. હું તો આજે સાંજે એને બતલાવવા પ્રમીલાને લઈ જવાની છું.'

'તું મારું માનવાની નથી. હું પણ જાણું છું કે મહાનંદજી ચમત્કારી તો છે જ, એમના આપેલા મંત્રથી જ મારા દોસ્ત અનીલના લગ્ન ગોઠવાયા. બાકી તું તો જાણે છે એ અને એનાં મમ્મી-પપ્પા છેલ્લા ચાર વર્ષથી એને પરણાવવાના ફાંફા મારતા'તા. જઈ આવો તમે બન્ને જણા. જોઈએ બાવા કંઈ મંત્ર કે ભસ્મ આપે અને બહેન પાસ થઈ જાય.'

સવિતાબહેનને ધરપત થઈ. ચેતને સંમતિ આપી. એમણે પ્રમીલાને બોલાવી. સાંજે પાદરના મહાદેવના મંદિરે મહાનંદજી મહારાજને બતલાવવા જવાની વાત કરી. શાળાના ગણવેશનું ફરાક પહેરીને નહીં, પણ સાડલો પહેરીને જવાનું છે તે જણાવ્યું. સાંજે બન્ને તૈયાર થઈ ગયા. સાડલામાં પ્રમીલાને જોઈને સવિતાબહેનથી બોલાઈ ગયું, 'તું તો જાણે પરણવા જેવી થઈ ગઈ છે.'

પ્રમીલાએ સવિતાબહેનને નાની શી ચીમટી ભરી. બંને મંદિરે પહોંચ્યા. મહાનંદજી એમની ગાદી પર બેઠા હતા. કાળી ભમ્મર દાઢી, જરા લાલ અને વિસ્ફારીત આંખો, કપાળે ત્રિપુંડ, લાંબા વાળ, સફેદ અંગરખુ અને લાલ આબોટચિુ પહેરેલા. અંગરખુ ખસે એટલે છાતી પરના કાળા કાળા વાળ ડોકીયું કરે. મોટી પલાઠી વાળીને બેઠેલા કારણ કે પેટ જરા બહાર આવેલું. બાજુમાં લાલ કાપડના કટકામાં પુસ્તક મૂકેલું. બન્ને હાથ વાળેલી પલાઠીની જાંઘ પર મુકીને ઉંચકેલા ખભા જોઈને સવિતાબહેનને તો જાણે ભગવાનનો સાક્ષાત્કાર થયો. એકદમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા માંડયા. એમને જોઈને પ્રમીલા પણ સાષ્ટાંગ કરવા માટે વાંકી વળી. એનો સાડલો ખસી ગયો. મહાનંદજીએ તે દશ્ય ખુબ આનંદમય લાગ્યું. સાડલો ખસી ગયાનું જરા યે ભાન પ્રમીલાને નહોતું. એ તો એની માની સાથે સાથે જમીન પર ઊંધી સુઈ મહારાજની સામે નાકલીંટી કરવામાં તન્મય થઈ ગઈ. સાષ્ટાંગ દંડવત્ કરીને બન્ને ઉઠયા. હાથ જોડીને મહાનંદજીની સામે બેઠા. ત્યારે સવિતાબહેને માથું ઓઢયું. તે જોઈને પ્રમીલાએ પણ સાડલો સરખો કરી માથુ ઓઢયું. આ દશ્ય પણ મહાનંદજીને આનંદ આપી ગયું.

'મહારાજ, પ્રણામ. આ પ્રસાદ લાવી છું.' કહી સવિતાબહેને બજારમાંથી લીધેલ પેંડા અને ફળની છાબ મહાનંદજીના પગ પાસે મુકી.

'ભલા હો તુમ્હારા, કહો, કયું આના પડા ?'

'આ છોડી માટે જ સ્તો. એ છે તો બહુ હોંશિયાર, પણ કોઈકે એને કંઈક કરી નાંખ્યું એટલે એ ધોરણ નવમાં નાપાસ જ થયા કરે છે. મહારાજ એનુ તારણ કરી આપોને.'

'લડકી-ઈધર આ...'કહી મહાનંદજીએ પ્રમીલાને નજીક બોલાવી. બરાબર ધારીધારીને જોયું. લાલ કાપડમાં વીંટાળેલ પુસ્તક કાઢયું તે ખોલીને થોડી વારે પ્રમીલા સામે જુએ, થોડીવાર કંઈક બબડે. આમ કરતા કરતાં તો મહાનંદજીના હાથમાંથી લાલ લાલ કંકુ ખરવા માંડયું.

'યહ કયા હો રહા હૈ ? બડા અનર્થ ! બડા અનર્થ ! લડકી તેરે પર તો મહેબુબબાબા સવાર હો ગયે હૈ. ઉનકો ઉતારના પડેગા. તબ હી તું પાસ હોનેવાલી હૈ.'

સવિતાબહેન હેબતાઈ ગયા. પ્રમીલા ગુમસુમ થઈ ગઈ. બે-ત્રણ મિનિટ તો સન્નાટો છવાઈ ગયો. ત્યારબાદ મહાનંદજી પાસે બેઠેલ એનો ચેલો ઉઠયો. મોરપીંછની નાની પીંછી વડે વેરાયેલા કંકુને ભેગુ કર્યુ, અને એક નાની ડબ્બીમાં ભરી દીધું. સવિતાબહેનને કળ વળી.

'હવે મહારાજ, આનો ઉપાય શો ?'

'ઉપાય ? તુમ બાહર બેઠો. મુઝે ધ્યાન ધરના પડેગા. ઉસકે બાદ હી મેં ઉપાય બતલા શકતા હું.'

સવીતાબહેન અને પ્રમીલા બહાર જઈને બેઠા. કલાકેક બાદ મહાનંદજીનો ચેલો એમને અંદર લઈ ગયો.

'મૈંને ઉપાય તો ઢુંઢ નીકાલા હૈ, તીન દીન કી વિધિ કરની પડેગી. રોજ દુપહર કો દો બજે તુમકો આના પડેગા. વિધિ કે લીયે નારિયેલ, ચોખા, મગ, સબ મંગાના પડેગા. ઉસકા દો સો રુપીયા ઔર વિધિકા પાંચસો રુપીયા લગેગા. આજ કુછ લાયે હો ?

ખર્ચ તો કરવો જ પડશે એની ખાતરી સવિતાબહેનને હતી, પણ તે માટે તેઓ બસો રૂપિયા લાવ્યા હતા.

'આજે તો બસો રુપીયા છે. કાલે બાકીના આપી દઈશ.' કહીને સવિતાબહેને એમના બ્લાઉઝના ઉપરના ભાગમાંથી ભીની થઈ ગયેલી સોની બે નોટ કાઢી. મહાનંદજીના ચેલાએ તે લઈ લીધી. બીજે દિવસે આવે ત્યારે બાકીના પાંચસો લઈ આવવાની તાકીદ કરી.બીજા દિવસથી આવવાનું જણાવ્યું. સવિતાબહેનને આનંદ થયો. પ્રમીલાને એમ લાગ્યું કે આવી વિધિ કરવાથી પાસ થઈ જવાતું હોય તો વાંધો નહીં. બીજા દિવસે સવિતાબહેન અને પ્રમીલા આપેલા સમયે મંદિર આવી ગયા. મહાનંદજી તે સમયે બીજા ભગતના દાણા જોતા હતા. આથી એમના ચેલાએ એમને શાંતિથી બહાર બેસવા જણાવ્યું. જેમ જેમ સમય નીકળતો જતો હતો તેમ તેમ સવિતાબહેન અધીરા થતા હતા. ઘરમાં સાંજના કામ કયારે થશે તેની ચિંતામાં હતા. કલાકેક બાદ ચેલાએ અંદર જવાની રજા આપી. મહાનંદ કે ચેલો ઉઘરાણી કરે તે પહેલા સવિતાબહેને બાકીના પાંચસો રૂપિયા આપી દીધા. પૈસા મળ્યાની ખાતરી થતા મહાનંદે પ્રમીલાને પોતાની પાસે બોલાવી આજ્ઞા કરી.

'એ બાજઠ પર બેઠો.' પ્રમીલાબહેનના બાજઠની સામે જ હવનનો કૂંડ હતો. અંદર અગ્નિ પ્રજ્વલીત જ હતો. એમાં મહારાજે મુઠ્ઠા ભરીને મગ નાંખ્યા, ભડકો થયો. ધુમાડો નીકળ્યો. મહાનંદે ધુમાડાને ધારી ધારીને જોયો અને ઓચિંતા જ ચીલ્લાયા, 'યે મહેબુબબાબા, કહાં ભાગતે હો ? 'કહીને એમણે એમની પાસેનો ચિપિયો પછાડયો. ધુમાડો હવામાં ઓગળી ગયો

'આજ મૈંને ઉસકો બરાબર દેખ લીયા હૈ, આજ ભાગ ગયા હૈ, સા...લા ! કલ કૈસે

ભાગેગા ?  ખાલી ખાલી યે લડકી કો હૈરાન કરતા હૈ ?' કહીને એમણે પ્રમીલાની પીઠ પર હાથ ફેરવ્યો. પ્રમીલાને સારું લાગ્યું.

'અચ્છા, અભી તુમ લોગ જાઓ. કલ એ ટાઈમ પે આ જાના. કલ તો મહેબુબબાબા કો હમ પકડ લેંગે. ફીર દેખતા હું કી યે લડકી કૈસે નાપાસ હોતી હૈ ?'

સવિતાબહેનને ધરપત થઈ. હવે ચોકકસ મહેબુબ પકડાઈ જશે અને પમલી આવતા વર્ષે ચોકકસ જ પાસ થઈ જશે.

બીજે દીવસે તેઓ સમયસર પહોંચ્યા. દોઢેક કલાક બેસી રહેવું પડતું. સવિતાબહેને ચેલાને સમજાવવા કોશીષ કરી કે પ્રમીલાની 'ટ્રીટમેન્ટ' જલ્દી કરે તો સારું. ચેલાએ એમને ખખડાવી નાંખ્યા. સવિતાબહેનને મોડું થતું હોય તો એ ચાલવા માંડે. પ્રમીલાને મુકી જવા જણાવ્યું. સવિતાબહેનનો જીવ નહીં ચાલ્યો. એ મન મારીને બેસી રહયા. બે કલાકે મહાનંદે એમને અંદર બોલાવ્યા. કુંડમાંથી ધુમાડો નીકળ્યો કે તરત એમણે મોંઢું પહોળુ કર્યું અને ધૂમાડાને બાચકા ભરવા માંડયા.

'સા..લા પકડા ગયા ! અબ યે મેરે પેટમે આ ગયા હૈ. કલ ઉસકો યે લડકી મૈં ડાલના પડેગા. વો ઈસકે શરીરમેં કેદ રહેગા. લડકી કો હૈરાન નહીં કરેગા. વો પાસ હો જાયેગી. ઈસકે લીયે તુમ કલ આના.'

સવિતાબહેન અને પ્રમીલાને તો બધું હેરતભર્યું લાગ્યું. કંઈ સમજાયું નહી. બન્ને થોડો ભય પામ્યા, છતાં ત્રીજે દીવસે પોતે આવશે એવી મહાનંદને ખાતરી આપીને ઘર તરફ નીકળ્યા.

રસ્તામાં પ્રમીલાએ પૂછયું, 'હે...મા..આ મહેબુબબાબા મારા શરીરમાં આવશે કેવી રીતે ?'

તે જોયું નહી મહાનંદજી એ ધુમાડાને કેવો ખાઈ લીધો ! એ જ પ્રમાણે એ ધૂમાડો કાઢશે, તારા મોં મારફતે તારા શરીરમાં ઉતારી દેશે. સવિતાબહેન પોતે ખુબ જાણકાર હોય તેમ ખુલાસો કર્યો.

'પ..ણ...મા મને બહુ બીક લાગે છે.' 'મન જરા કઠણ કરવાનું' એમ વાતો કરતા કરતાં ઘર આવી ગયું. ત્રીજે દિવસે તેઓ સમયસર પહોંચી ગયા. બે કલાક બેસી રહેવું પડયું.  ત્યારબાદ ચેલાએ આવીને જણાવ્યું.

'ગુરુ મહારાજ કો સારી રાત નીંદ નહી આઈ. મહેબુબબાબા બહોત કૂદતે થે. સુબહ કો ગુરુજીને દો મંત્ર પઢે. તબ સે શાંત હો ગયા હૈ. અબ યે લડકી કે શરીરમેં ભી શાંતી સે રહેગા. ઈસી લીયે તુમ માજી ઈધર બૈઠો. યે લડકી કો યે પીછેવાલે ઓરડીમેં જાનેકા હૈ. વહાં ગુરુજી બૈઠે હૈ. વો લડકીમેં મહેબુબબાબા કો ઉતાર દેંગે.' કહી ચેલો પ્રમીલાનો હાથ પકડી પાછળવાળી ઓરડીમાં એને લઈ ગયો. અડધો કલાકમાં ગુરુજીએ પ્રમીલાના શરીરમાં મહેબુબબાબાને ઉતારી દીધો. પ્રમીલા ઓરડીમાંથી બહાર આવી. જાણે કે નાહીને આવી હો તેવી એ ચોખ્ખી દેખાતી હતી. ચેલો આવ્યો બોલ્યો, 'ગુરુજી કહતે હૈ કી ઐસે તો વિધિ ખતમ હો ગઈ હૈ. ફિર ભી લડકી કો ઐસા લગે કે મહેબુબબાબા બહોત તોફાન કરતા હૈ તો વો દીખાને કે લીયે પરસો આના.'

'અચ્છા', કહીને સવિતાબહેન અને પ્રમીલા નીકળ્યા. રસ્તામાં સવિતાબહેને પ્રમીલાને પૂછયું કે 'મહારાજે શું કર્યું ?'

'શું...શું કર્યું ? એમના શરીરમાંથી મારા શરીરમાં મહેબુબબાબા ઉતાર્યા'
'કેવી રીતે ?'

'તું તો કહેતી હતી કે મોંઢામાંથી ધુમાડો કાઢીને મારા મોંઢામાં નાંખશે. એ પ્રમાણે'

સવિતાબહેનને ખાતરી થઈ ગઈ કે કશું અણછાજતું થયું નથી. પ્રમીલાએ તો રસ્તામાં જ નકકી કરી નાંખેલું કે બે દીવસ પછી ગુરુ પાસે જવું. એને બહુ મજા આવી હતી.

બે દીવસ પછી પ્રમીલાએ સવિતાબહેનને કહયું કે એમણે નહીં આવવું હોય તો ચાલશે. પોતે એકલી જઈ આવશે. સવીતાબહેને સંમતિ આપી. પ્રમીલા મહાનંદબાવાને મળવા એકલી ગઈ. બે દીવસ પુર્વે મહાનંદે પાછલી ઓરડીમાં જે વિધિ કરી હતી તે જ વિધિ ફરી એકવાર પ્રમીલા પર કરી. પ્રમીલા બરાબર સાફસુથરી થઈને બહાર નીકળી. ચેલાએ તેને જોઈને માર્મિક સ્મિત આપ્યું. ઘરે આવીને સવિતાબહેનને જણાવ્યું કે એને બહુ સારુ લાગે છે, અને હવે તે નિયમિત વાંચતી થઈ છે. આથી એને પણ મહાનંદજીની મારણવિધિ પર વિશ્વાસ બેઠો. મહીના સુધી દર બીજા દિવસે પ્રમીલા મંદીરે નિયમિત જતી રહી. મહીના બાદ એને થોડું થોડું અસુખ લાગવા માંડયું. કોઈ કોઈ વાર ઊબકા આવવા માંડયા. બહેનપણીઓને મળવાને બહાને તે બહાર નીકળી જતી. એકાંત ખાલી જગ્યાએ જઈ ઊલટી કરી આવતી હતી. એ સુનમુન થવા માંડી. કશુંક ખોટું થયાનો ભય એને સતાવવા લાગ્યો. બે દિવસ વીતી ગયા, છતાં એણે મંદિરે જવાની વાત સવિતાબહેનને કરી નહીં.

સવિતાબહેને એને મંદિરે જવાનું કહયું, એ પણ  મંદિરે જવાનું જણાવીને એની સખીઓને મળવા ગઈ. રમવાની ઈચ્છા તો થઈ નહી. મંદિરે વળતા આવવાના સમયે તે ઘરે આવી. એ સખીઓ સાથે લીમડા નીચે બેસીને વાતો કરતી હતી, તે સાઈકલ પર ઘરે જતાં ચેતને જોયુ હતું. આથી પ્રમીલા ઘરે આવી ત્યારે ચેતને મજાકમાં કહ્યું,

'આજે બહેન બા  ઘણા દિવસે ભણવાને બદલે બહેનપણીઓને મળવા ગયા'તા. કેમ ખરું ને ! એવી રીતે કોઈ કોઈ વાર જવાનું.'

'અલી પમલી તું તો મંદિરે જવાનું કહીને બહાર ગઈ'તીને !'

'રસ્તામાં બહેનપણીઓ મળી એટલે એમની સાથે બેઠી. મંદિરે નહીં ગઈ.' આમને આમ બીજો મહિનો નીકળી ગયો. મહિના બાદ મહાનંદનો ચેલો સવિતાબહેનને બારણે આવ્યો. છેલ્લા મહિનાથી પ્રમીલા આવી નહોતી તેથી ગુરુજીએ પુછાવ્યું છે કે 'હવે એ બરાબર ભણે છે ને ?' સવિતાબહેને એની આગતાસ્વાગતા કરી જણાવી દીધું કે 'હા એ બરાબર ભણે છે.' ચેલાને બને એટલો વહેલો વિદાય કર્યો. સવિતાબહેનને શંકા પેઠી કે દર બીજા દિવસે મંદિરે જવાનું કહીને પમલી કશે બીજે જાય છે. આથી પમલીને બોલાવી. સાચેસાચું કહી દેવાની તાકીદ કરી.. પ્રમીલા રડી પડી. એ મહિના દરમિયાન એ 'દૂર પણ બેઠી' નથી, પણ મમ્મીને બધું બરાબર સમજાય છે એવું દેખાડવા પોતે 'દૂર બેઠા'નો ઢોંગ કરેલો તે પણ જણાવી દીધું.

સવિતાબહેન બધી વાત સમજી ગયા. મહાનંદજીએ પ્રમીલાના શરીરમાં દર બીજા દિવસે કયા મહેબુબાબા કેવી રીતે ઘુસાડયા તેની પણ સમજ પડી ગઈ. સાંજે ચેતન આવ્યો. સવિતાબહેને બધી વાત ચેતનને કરી દીધી. ચેતન ખૂબ ગુસ્સે થયો, પણ ન તો સવિતાબહેને કે ન તો ચેતને પ્રમીલાને ઠપકારી કે મારઝૂડ કરી. ઊલટું ચેતન એ વિચારવા લાગ્યો કે મહાનંદને કેવી રીતે ખુલ્લો પાડવો. એણે પોતાના વિશ્વાસુ મિત્રોને વાતો કરી. એમણે એક યોજના બનાવી. એમણે પ્રમીલાની મદદથી જ એની એક સખીને એનાં મા-બાપની સંમતિએ તૈયાર કરી. જેવો નાટક મહાનંદે પ્રમીલા સાથે કર્યો હતો તેવો જ નાટક એ નવી છોકરી સાથે પણ કર્યો. મહાનંદ જેવા એ છોકરીને પાછલી ઓરડીમાં લઈ ગયા કે તરત ચેતન અને તેના મિત્રોએ ચેલાને પકડીને ઝાડ સાથે બાંધી દીધો. એમણે ઓરડીની બારીઓમાંથી પ્રવેશ કર્યો. નગ્ન મહાનંદજીને પકડી લીધા. મોબાઈલમાં એનાં ફોટા લેવા માંડયા. બધાએ ભેગા થઈને એને ખૂબ માર્યો. મંદિરના બીજા એક પૂજારીએ પોલીસને ખબર આપી દીધી. પોલીસ

આવી. બધાને ગેટ પર લઈ ગઈ. એફ.આઈ.આર. નોંધી. પ્રમીલાનું નિવેદન લીધું. બીજાઓના પણ નિવેદન લીધા. ચેતન અને એના સાથીઓના મોબાઈલના ફોટા સ્કેન કરીને પોલિસે પીડીએફ બનાવી. કોર્ટમાં દાવો દાખલ થયો. આ બાજુ, ચેતન અને સવિતાબહેને પ્રમીલાનો ગર્ભપાત કરાવી દીધો.

કોર્ટની રીતિનીતિ અનુસાર એ દાવો બાર વર્ષ સુધી પડી રહયો. પ્રમીલા ધો. ૧૨ પાસ થઈ ગઈ. એને સારો મુરતીયો મળી ગયો. સંસાર સુખથી ચાલવા લાગ્યો. સવિતાબહેન સ્વધામ પહોંચ્યા. ચેતન જમીનની લે-વેચમાં મોટો દલાલ થઈ ગયો.ચેતનના મીત્ર પીયૂષને ત્યાં બાર વર્ષ બાદ કોર્ટનો સમન્સ આવ્યો. સમન્સમાં મહાનંદની લીલા અને તેના પર ચેતન સાથે એણે કરેલા હુમલાની નોંધાવેલ એફ.આઈ.આર. માં સાક્ષી તરીકે એને બોલાવવામાં આવ્યો હતો. પીયુષ તો સમગ્ર પ્રસંગ ભુલી ગયો હતો. એ ચેતનને મળ્યો. ચેતન પણ પોતાને એવો જ સમન્સ મળ્યાનું જણાવ્યું. ચેતને સૌથી પહેલા પ્રમીલાને મળવાનું રાખ્યું. પ્રમીલાને સાસરેથી બોલાવી, પ્રમીલા એના બે છોકરા સાથે આવી. છોકરાઓને મામાને ત્યાં આવવાનું ખૂબ ગમતું હતું. થોડીવાર તે ઘરમાં ભેઠા. થોડું ખાધુ-પીધું અને શેરીમાં રમવા નીકળી ગયા. ચેતન અને પ્રમીલાને એ જ જોઈતું હતું. પ્રમીલાએ ઝડપથી એના પર્સમાંથી કોર્ટના સમન્સનો કાગળ કાઢયો. હાથમાં કાગળ રાખીને જ એણે ચેતનના પગ પકડી લીધા.

'ભા...ઈ ! મને બચાવી લે !!'

'કેમ શું થયું ?'

'કોર્ટનો આ કાગળ આવ્યો છે ત્યારથી ઊંઘી નથી. એ તો બહુ સારું થયું કે ટપાલી આવ્યો ત્યારે 'એ' ઘરમાં નહોતા. મારા નામની ટપાલ જોઈને મને ધ્રાસ્કો પડયો. મેં વહેલી વહેલી ટપાલ ખોલી. મહાનંદ સાથે જે કંઈ બનેલું તે બધુ યાદ આવ્યું. આપણા અહીંના ઘરના સરનામા ને બદલે સાસરાનું મારું સરનામું કોર્ટમાં કોણે આપ્યું હશે ? એ માણસે મારા દુશ્મનનું કામ કર્યું છે. એ તો સારું થયું કે હું ઘરમાં એકલી જ હતી. ટપાલ આવી ત્યારથી તને મળવાને હું તત્પર હતી. સારું થયું તારો સંદેશો આવ્યો એટલે મને એમણે જવા દીધી.

'હવે કરવું શું છે ? કેસ બરાબર લડી લેવો છે. મને તો એમ હતું કે રંગે હાથ પકડી લીધા પછી મહાનંદ એના ગોરખધંધા બંધ કરશે. બન્યું એવું કે એફ. આઈ. આર. નોંધાઈ તે તો એની મદદે આવી. આપણા બધાંની સાથે પોલીસે એનું નિવેદન લીધેલું, અને મંદિરે જવા દીધેલો. એકાદ મહિનો એ સખણો રહયો. હવે તો એ બધી છોકરીઓના શરીરમાં બિનદાસ મહેબુબબાબાને ઘુસાડી આપે છે.'

ચેતનની વાત સાંભળતા પ્રમીલા ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી. ચેતન અવાક્ થઈ ગયો. એ પીવાનું પાણી લઈ આવ્યો. પ્રમીલાને પસવારી. પાણી પાયું. પ્રમીલાના ધ્રૂસ્કા ધીમે ધીમે ઓછા થયાં શાંત થયાં.

'શાંતિ થઈ તને ? તો...કહે મેં શું એવું કહયું કે તે સાંભળતા જ તું બા'વરી બની ગઈ !' ચેતને પૂછયું.

'ભાઈ, જરા તો વિચાર કર. તેં તારા બનેવીને લગ્ન પહેલા મારી સાથેના મહાનંદના બનાવની વાત કરી છે ? ના... મેં પણ નથી કરી. કોઈએ નથી કરી. એ તો મને કાચી કુંવારી માનીને જ પરણ્યા. હવે લગ્નનાં આટલા વર્ષો બાદ કોર્ટમાં, છાપામાં અને સ્થાનિક ચેનલોમાં ચૂંથણા થાય. કાયદા પ્રમાણે મારું નામ ખાનગી રાખવામાં આવે, પણ શું તે ખાનગી રહે ખરું ? મારો તો સંસાર સળગી જાય. હવે તો એ બનાવ પર ઢાંકણું જ ઢાંકી દેવું પડે.'

ચેતનને પણ બદલાયેલી પરિસ્થિતિની સમજ પડી. મહાનંદનું તો જે થવાનું હોય તે થાય, પમલીનો સંસાર તો સળગી જ જાય. ગુનેગાર મજા કરે અને પિડિતાને - બહેનને આપઘાત કરવાનો વારો આવે, અને તે પણ સુખી સંસાર છે છતાં. દાવાની સુનાવણીની નિયત તારીખે ચેતને એફ. આઈ. આર.માં દર્શાવવામાં આવ્યું છે છતાં પોતે સાક્ષી તરીકે હાજર રહી શકશે નહીં તેવી અરજી કોર્ટને આપી દીધી. પિડિતાના ભાઈએ જ સાક્ષી આપવાનો ઈનકાર કર્યો તેથી પોલિસે એફ.આઈ.આરમાંની ફરીયાદ પાછી ખેંચી લીધી. તે સાંજે મહાનંદે મંદીરમાં આવેલ બધા ભકતોને લાપસી, દાળ-ભાત અને કણીનું ભોજન જમાડયું.

---


**વાંચો :**

(૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ - ડો. બી. એ. પરીખ
(૨) ચમત્કારોં કી ભીતરમેં રૂા. ૩૦ (ગુજરાતીમાં પણ) - સીદ્ધાર્થ દેગામી
(૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ - ડો. બી. એ. પરીખ
(૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ - સુર્યકાન્ત શાહ
(૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ -ડો. બી. એ. પરીખ
(૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ -ડો. બી. એ. પરીખ
(૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ -ડો. બી. એ. પરીખ
(૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- -સુર્યકાન્ત શાહ

# પ્રવૃત્તિમય-ઊર્જાસભર વ્યકિતત્વ : જનક નાયક

**(સાર્થ જોડણીમાં)** -ડૉ. દિલીપ મોદી

'કિસી કી મુસ્કારાહટો પે હો નિસાર, કિસીકા દર્દ મીલ શકે તો લે ઉધાર, કિસી કે વાસ્તે હો તેરે દિલમેં પ્યાર, જીના ઈસીકા નામ હૈ.' એમને મોબાઈલ કરો એટલે આ ટ્યૂન સંભળાય. કોલર ટ્યૂનના શબ્દો જેવું જ જીવન જીવતા આ સુરતના નોખા-અનોખા સાહિત્યકાર કે જેમણે ગુજરાતમાં સૌથી વધુ સાહિત્યિક કાર્યક્રમોનાં આયોજન કર્યા છે, જેમણે પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ વડે સમગ્ર દક્ષિણ ગુજરાતના અનેક જાણીતા તથા નવોદિત સાહિત્યકારોની કૃતિને પ્રકાશિત કરી છે, જેમણે કવિ ઉપરાંત વાર્તાકાર, નવલકથાકાર, સંપાદક ઉપરાંત જીવનબોધના લેખક તરીકે અનેક સમાજલક્ષી કૃતિઓ આપી છે, એવા 'ગુજરાતમિત્ર' દૈનિકપત્રમાં 'મનના મઝધારે' કોલમમથી સુવિખ્યાત ૬૨ વર્ષના જનક નાયકે તેમના પિતાશ્રી નાનુભાઈ નાયકે સ્થાપેલી પ્રકાશન સંસ્થા 'સાહિત્ય સંગમ' અને 'સાહિત્ય સંકુલ'ને પોતાની જબરદસ્ત ઊર્જા અને વિશિષ્ટ દષ્ટિકોણથી ગુજરાતવ્યાપી બનાવી હતી. ૧૩ ઓગસ્ટ, ૧૯૫૪માં મુંબઈમાં જન્મેલા જનક નાયકે પિતા સાથે જોડી બનાવીને અનેકવિધ પ્રવૃત્તિઓનો જોરદાર પ્રસાર-પ્રચાર કર્યો હતો. 'સાહિત્ય સંગમ'માં પ્રતિવર્ષ એટલે કે ૩૬૫ દિવસમાં કુલ ૩૦૦ જેટલા એટલે કે દર અઠવાડિયે લગભગ પાંચ વૈવિધ્યસભર કાર્યક્રમો એમણે કર્યા હતા.'સાહિત્ય સંગમ' નો એમનો સંસ્કાર હોલ રચનાત્મક-હેતુલક્ષી કાર્યક્રમો યોજવા, દરેક માટે નિઃશુલ્ક ખુલ્લો હતો, એટલે કે સાર્વજનિક બની ગયો હતો, એમ કહીએ તો કંઈ ખોટું નથી.

'જનક' નામમાં કાનોમાતરા નથી. એઓ સરળ હતા. 'સરળ' શબ્દમાંયે કાનોમાતરા નથી. એક નિખાલસ અને ખેલદિલ માણસ. પોતે અનાવિલ પણ અનાવિલપણું ક્યારેય દેખાડયું નથી. મારું સદ્‌ભાગ્ય કે મને મિત્ર ઉપરાંત પરિવારના સભ્ય અને એમના ભાઈ તરીકે માનેલો. જનકભાઈ ૬૨ વર્ષના, હું ૬૪ વર્ષનો. મારા આ નાનાભાઈ મને મોટાભાઈની જેમ માર્ગદર્શન, સલાહસૂચનો તથા હંમેશ પ્રોત્સાહન આપતા રહેતા. 'સાહિત્ય સંગમ'ના પ્લેટફોર્મ દ્વારા જિદ કરીને મકકમતાથી મારો હાથ ઝાલીને મને જાહેરમાં લાવનાર અને રજૂ કરનાર જનકભાઈ.

સાચુ પૂછો તો જનકભાઈ વગરની આ દુનિયા, આ સહિત્ય સંગમ, આ સુરત શહેર અને આ મારું અંગત જીવન હું કલ્પી નથી શકતો. એક વાવાઝોડાની માફક એ જીવી ગયા. બહુ અભાવ સાલે છે એમનો. અઠવાડિયામાં બે-ત્રણ વખત એમનું મારે દવાખાને આવવું. અમે રૂબરૂ મળીએ નહીં તો ચેન ન પડે. અમે બંને કિતાબના માણસ, હિસાબના નહીં. આર્થિક બાબતો કે વ્યવહારમાં અમારી લેશમાત્ર સૂઝ કે સમજ નહીં. હું પોતે ડોકટર તોયે મારી તબિયતની ચિંતા કરે, અને મને ટકોર કરે. વળી મોડી રાતે મોબાઈલ પર વાતો કે વોટ્સઅપ પર અમે પુષ્કળ ચેટિંગ કર્યું છે.

ડોકટર તરીકે મારા પર આંધળો વિશ્વાસ. મિત્ર તરીકેની પ્રબળ ભાવના. મારી સાથેનું સાનિધ્ય એમને કાયમ મજાનું લાગ્યું છે કારણ કે અમે બંને આંટીઘૂંટી અને કાવાદાવા વગરના માણસો. એટલે અમને પરસ્પર બહુ ફાવે, એકબીજાવગર ન ચાલે. હું અમેરિકા કે ઓસ્ટ્રેલિયા લાંબા સમયના પ્રવાસે જાઉં ત્યારે એ મને ભેટીને રડી પડે, અને સ્વાભાવિક રીતે મારી આંખોય ભીંજાઈ જાય. વિદેશમાં પણ નિયમિત સંપર્કમાં રહીએ. એકબીજાનો અવાજ સાંભળીએ ત્યારે જ આનંદ-સંતોષ થાય. એમની સાથેનાં અનેકાનેક સંસ્મરણો અકબંધ છે.એમની સાથેનાં સંભારણા આજકાલ હું વાગેળ્યા કરું છું. લખવા બેસું તો એક દળદાર પુસ્તક તૈયાર થઈ જાય. જનકભાઈ સતત નાસભાગ-દોડધામ કરે. દિલોદિમાગમાં સાહિત્યનો, સાહિત્યિક સેવાઓનો અને સાહિત્યિક પ્રવૃત્તિઓનો નશો હતો, પાગલપન હતું. તમે જુઓ, નાની ઉંમરમાં કેટલું બધું કામ કરી ગયા ! જાણે કે ઉદાહરણ તરીકે કલાપી, ઓશો, વિવેકાનંદ, સ્ટીવ જેબ્સ વગેરે. મારી દ્રષ્ટિએ આમાં અતિશયોકિત જેવું કશું નથી.

અંગ્રેજીમાં કહેવાયું છે કે, Those Whom Thee God Love Die Young !' એમની કાર્યશકિત અને કાર્યશૈલીને કદાચ ભગવાનની મીઠી નજર લાગી ગઈ હશે, પરંતુ આપણા જનકભાઈ પણ ગાંઠે એવા નથી. ત્યાં પહોંચીને 'સાહિત્ય સ્વર્ગમ' નામની સંસ્થા સ્થાપી ફરીથી કાર્યરત થઈ જશે એની મને પાકી ખાતરી છે. અલબત્ત, જનકભાઈ ખુદ નાસ્તિક હતા. ભગવાનમાં ખાસ એમને આસ્થા જેવું લાગતું નહોતું. આ તો મારી પોતીકી માન્યતા-ધારણા છે. હા, જ્યોતિષશાસ્ત્રમાં માનતા હતા ખરા.

જનક નાયકની ષષ્ઠિપૂર્તિ નિમિત્તે 'સાહિત્ય સંગમ' દ્વારા સાભિનય વાર્તાકથન અભિયાન શરૂ કરાયું હતું. જેમાં જનકભાઈ શહેરની તેમ જ દક્ષિણ ગુજરાતની ૬૦ જેટલી

શાળાઓમાં ફર્યા હતા, અને લગભગ ૭૫૦૦૦ થી વધુ બાળકોને ૩૦૦ જેટલી રસપ્રદ પ્રેરક વાર્તાઓ કરી હતી. બાળકોને વાર્તા કહેવાનું એમને ખૂબ જ પ્રિય હતું. તેથી જ તો શિક્ષણશાસ્ત્રી ડો. ચંપકલાલ ઝેડ. શાહે એમને આજના બાળકોના 'ગિજુભાઈ બધેકા' કહ્યા હતા.

આપ સૌ સારી રીતે જાણો છો કે હું જનકભાઈનો અત્યંત નિકટનો મિત્ર અને તે પણ ડોકટર મિત્ર. અમે એમને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કહી શકાય એવી સારવાર આપી, ખૂબ જ કાળજી રાખી, કોઈ પ્રકારની કચાશ ન રાખી, દેશવિદેશના નિષ્ણાત ડોકટરોના પણ અભિપ્રાયો મેળવ્યા, છતાં તમામ ઉત્તમ પ્રયાસોના અંતે છેવટે એમને બચાવી નથી શકયા તે બદલ હું પૂ. નાનુબાપા તથા એમના સમગ્ર પરિવારની અને આપ સૌ ચાહકો-પ્રશંસકોની પણ અંતઃકરણપૂર્વક માફી માંગું છું. જનક નાયકના આઘાતજનક અવસાનથી ગુજરાતી સાહિત્યજગત તથા સુરતના સાહિત્યવર્તુળને પડેલી ખોટ પુરાશે નહીં. સુરતની કલારસિક જનતા એમના વિના રાંક બની છે. અંગત રીતે તો જાણે મેં મારો પડછાયો ગુમાવ્યો છે. એક સ્નેહીભાઈ ગુમાવ્યો છે, સુખદુઃખનો સાથી ગુમાવ્યો છે.

જિંદગીના ઉત્સવને ઉત્સવભાવથી જીવનારા જનક નાયકે લીધેલા વચન પ્રમાણે જયારે 'હિપ હિપ હુરરે' ના નારા વચ્ચે ગત તા. ૧૬ એપ્રિલના રવિવારે સવારે એમને આખરી વિદાય આપવામાં આવી ત્યારે અસંખ્ય આંખો છલકાતી હતી, સહુનો કંઠ રુંધાતો હતો. એમના નામ આગળ સ્વ. લખવા ખરેખર મન તૈયાર નથી, મન હજી માનતું નથી. જનકભાઈ ભલે સદેહે આપણી વચ્ચે નથી, શબ્દદેહે તેઓ જીવંત છે અને સદા જીવંત રહેશે...અસ્તુ !

## ઉત્તમ વાંચક, શ્રેષ્ઠ લેખક, ઉત્કૃષ્ઠ વકતા–જનકભાઈ નાયક

(સાર્થ જોડણીમાં)

**–ઉમેશ સી. ભટ્ટ**
Mo.-98251 43964

જન્મ પછીની વેદનાસભર વાસ્તવિકતા મૃત્યુ છે. આત્મીય સ્નેહીજનનું મૃત્યુ પરિવારજનો, સ્વજનો અને મિત્રોને પારાવાર દુઃખ પહોંચાડે છે. જીરવવી મુશ્કેલ બને એવી યાતના આવા સમયે વેઠવી પડતી હોય છે. વ્યવહારમાં ભલે કહેવાતું હોય, 'કોઈના વગર અહીં કશું અટકતું નથી.' પણ સત્ય તો, દોસ્તો એ જ છે કે, 'કોઈની જગા કોઈ કદી પૂરી શકતું નથી.' આ આપણાં સહુના હૃદયસ્થ જનકભાઈનું જ ઉદાહરણ લો. હવે તેઓ આપણી

વચ્ચે - સાથે નથી. આ કડવું સત્ય છે. બોલો શું કોઈ જનકભાઈની જગા લઈ શકે એવું દૂર દૂર સુધી પણ નજરે ચઢે છે ? જનકભાઈનું સ્થાન કોઈ લઈ ન શકે અને એમની ખોટ કોઈ પૂરી ન શકે. સમગ્ર સાહિત્યજગત, લેખન પ્રવૃત્તિ, અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં જનકભાઈના જવાથી જે શૂન્યાવકાશ સર્જાયો છે તે કોણ પૂરી શકે ? સદાકાળ તેમની ખોટ સાલશે. તેમની યાદ સતાવશે.

'જનકભાઈ આપણી વચ્ચેથી જલદી ચાલી ગયા.' એમના નિધન બાદ પરિચિત સમુદાયમાં આ વાકય અનેકનાં મુખેથી સાંભળવા મળ્યું. એમાં જનકભાઈની લોકચાહના છતી થાય છે. મળવા જેવા, મેળાવડાના માણસ તેઓ હતા. એક માણસ એના સમગ્ર આયખામાં કેટલાં પુસ્તકો વાંચી શકે ? કેટલાં પુસ્તકો લખી શકે ? કેટલા કાર્યક્રમોનું આયોજન કરી શકે ? કેટલી વાર્તાઓ કહી શકે કે કવિતા-ગઝલ સંભળાવી શકે ? કેટલા વિષયોને સાંકળી પોતાનો મત રજૂ કરી શકે કે લેખો લખી શકે ? જનકભાઈની 'મનની મઝધાર' અખૂટપણે વહેતી રહી, અને જ્ઞાનગંગા વહાવતી રહી. ચોકકસપણે જનકભાઈ બહુમુખી પ્રતિભાશાળી કુશળ વ્યકિત પૂરવાર થઈને રહ્યા.

'યાદ મૂકી જવાનો આ એક જ રસ્તો છે,
કાં તો એવું લખો કે લોકો વાંચ્યા કરે,
અને,
કાં તો એવું લખો કે લોકો લખ્યા કરે.'

લખવા માટે જનકભાઈએ કોઈ વિષય છોડયો નથી. નાની પુસ્તિકાઓથી માંડી દળદાર પુસ્તકોની એમની લેખનયાત્રા ઘણી લાંબી છે. આબાલવૃદ્ધ, સહુને સાંકળીને અર્થસૂચક, રોચક લખાણ તેમણે લખ્યું. નજીવા દરે સમાજમાં વહેંચ્યું. ગુજરાતી ભાષાની તેમણે અનન્ય સેવા કરી છે. ગુજરાતી-માતૃભાષા પ્રત્યેનો તેમનો લગાવ માપવા માપદંડો ઊણા ઉતરે ! ગુજરાતી જનતાને વાચતી, લખતી, બોલતી કરવામાં તેમણે જીવન ખર્ચી નાંખ્યું એમ કહેવામાં અતિશયોકિત નથી. સાહિત્ય જગતમાં તેમનું ખેડાણ દાદ માંગી લે એવું છે. જનકભાઈ પોતે ઉત્તમ વાંચક, શ્રેષ્ઠ લેખક, ઉત્કૃષ્ઠ વકતા પૂરવાર થયા છે અને તેથી જ લોકપ્રિય બની રહ્યા.

જનકભાઈ વિચારપુરુષ હતા. પોતાના વિચારોની અભિવ્યકિત કરવામાં માહિર હતા. હકારાત્મક વલણ ધરાવતા હતા. નકારાત્મકતાથી જોજનો દૂર રહ્યા. 'સતત કામ

કરતા રહેવું. પ્રફુલ્લિત રહીને કામ કરવું. સમયનો જરા પણ બગાડ કરવો નહીં.' આ માન્યતા તેમનો જીવનમંત્ર બની રહ્યો. આધુનિક ટેકનોલોજીનો તેમની લેખનવૃત્તિ તથા અન્ય પ્રવૃત્તિઓમાં તેમણે ભરપૂર સદ્ઉપયોગ કર્યો. નવી તાજી હવાને પારખવામાં તેઓ નિષ્ણાત સાબિત થયા, અને આ બધા સદ્ગુણોને કારણે તેઓ સફળ થયા.

'સાહિત્ય સંગમ' શ્રદ્ધેય મંદિર છે. નગરબાપા નાનુભાઈ નાયક અને જનકભાઈ નાયક સંબંધે બાપ-દીકરા થાય. બંને વચ્ચેનું 'ટયુનીંગ' અદ્ભુત રહ્યુ. તેથી જે સૂર પ્રગટયો તે અતિકર્ણપ્રિય બની રહયો. જનકભાઈ સાહિત્યને સમર્પિત માણસ હતા. સાહિત્ય એટલે ફકત પુસ્તકોના થોથાં નહીં, પણ જ્ઞાનગોષ્ઠિ માટેનું એક એવું માધ્યમ કે જેની વિશાળતા આકાશ અને દરિયા જેટલી હોય ! 'સાહિત્ય સંગમ'ના પવિત્ર સ્થળે આ વાત સિદ્ધ થઈ ચૂકી છે. જનકભાઈ, વિશાળ દષ્ટિ ધરાવતા હતા. ઘણું આગળનું જોઈ શકતા હતા. તેથી 'સાહિત્ય સંગમ' માં સાહિત્યને જોડતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના તેઓ પ્રેરણાસ્ત્રોત બની રહયા. નાનુબાપાના દિલની વાચા, વગર બોલ્યે તેઓ સમજી શકતા હતા, અને બાપાની ઈચ્છા પૂરી કરતા. સમાજને અનેક સાહિત્યકારો, કલાકારોની ભેટ ધરવામાં 'સાહિત્ય સંગમ' નો બહુમૂલ્ય ફાળો રહયો છે. જનકભાઈનું આમાં રહેલું યોગદાન બેમિસાલ છે.

રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રણેતા જનકભાઈ હવે નથી તેનો વસવસો કાયમ રહેશે. તેઓ દિશા બતાવીને ગયા છે. કલા, સંસ્કૃતિ, સાહિત્યમાં રસ ધરાવનાર આજની અને આવતીકાલની પેઢી માટે આપણા હ્રદયસ્થ જનકભાઈ રાહબર બની રહેશે. એથી એમના કામો અને સ્મૃતિ જીવંત બની રહેશે. 'સાહિત્ય સંગમ' ધબકતું રહે એ માટે જનકભાઈ જીવનભર ઝઝુમ્યા. હવે એ જવાબદારી જનકભાઈના પરિવાર સાથે આપણાં સહુની છે. જે ઊગે છે તે આથમે છે. નિયતિનો આ અટલ ક્રમ છે. સદેહે જનકભાઈ હયાત નથી. જનકભાઈ આપણી સાથે, આપણી વચ્ચે 'સાહિત્ય સંગમ'માં વસેલા છે, અને રહેશે, કારણ કે જનકભાઈ આપણા પ્રિય છે, અને આપણે સહુ જનકભાઈના પ્રિયજનો છીએ.

---

જ્યોતિષ જેવી લેભાગુ માન્યતા પાછળ કોઈપણ સરકાર કરદાતાઓના કરોડો રૂપિયા ખર્ચી નાંખે તે અયોગ્ય છે. ભારતમાંની કારમી ગરીબીના પરિપ્રેક્ષ્યમાં આ ખર્ચા ગુનો ગણાવા જોઈએ. - પુજય ભાર્ગવ

# જીવનરીતી, ધર્મ અને સંસ્કૃતી

**–ડો. બી. એ.પરીખ**

ભારતના રાજકારણ તેમ જ તમામ પ્રકારના સાર્વજનીક કાર્યક્રમોમાં ધર્મ કોમ, જ્ઞાતી, ભાષા, વગેરેને કેન્દ્રમાં રાખીને જ યોજનાઓ થાય છે, તેથી સ્વાભાવીક રીતે રાજકીય ચુંટણીઓમાં મતદારોને તેમની જ્ઞાતી, કોમ, ધર્મ કેન્દ્રમાં રાખીને  પ્રચાર થાય છે. આ અભીગમ રાજબંધારણના એક સીદ્ધાંત ધર્મનીરપેક્ષતા સાથે બંધબેસતો નથી. સુપ્રીમ કોર્ટે આ બાબતમાં હાલમાં એવો ચુકાદો આપ્યો કે જો ઉમેદવાર 'હીંદુ સંસ્કૃતી'ને કેન્દ્રમાં રાખી પ્રચાર કરે તો તેમાં ધર્મનીરપેક્ષતાનું ઉલ્લંઘન થતું નથી.

આ ચુકાદો આપનાર વીદ્વાન ન્યાયાધીશો ધર્મ, જીવનરીતી અને સંસ્કૃતીની વીભાવનાઓને એક બીજાથી ભીન્ન સમજી તેમની વ્યાખ્યા કરે છે, પરંતુ વીદ્વાન ન્યાયાધીશોની જીવનરીતી, ધર્મ તેમજ સંસ્કૃતી વીષેની સમજ અને તે સંદર્ભમાં આ ત્રણેય વચ્ચેનો આંતરસંબંધ વીષેની સમજ સાવ ખોટી તેમ જ હીંદુધર્મ પરત્વે પક્ષપાતી લાગે છે.

વ્યકતી, તેનો ધર્મ, સમાજ, જીવનરીતી, સંસ્કૃતી વગેરે એવી રીતે વ્યકતીના જીવનમાં એકરસથી ગુંથાએલા છે કે જેના પરીણામે વ્યકતીના વ્યકતીત્વ ઘડતર, સમાજ જીવનનું માળખુ અને જીવન રીતીનો આકાર બંધાય છે તે સમજવાની જરૂર છે. અલગ અલગ પ્રદેશોમાં અલગ અલગ પ્રકારની સંસ્કૃતીઓ વીકસી છે, અલગ અલગ પ્રકારના ધર્મ, જીવનરીતી ધર્મ, સંસ્કૃતિ,અરસપરસ ગાઢ રીતે જોડાયેલા છે.

એક સાદી સમજની વાત છે, કે આપણે કહીએ છીએ કે માણસ માત્ર સરખા. Human Nature is Universal છતાં એ પણ એટલું સાચું છે કે કોઈપણ બે વ્યકતી, બે સમાજ સમાન નથી જ.  માણસ માત્ર સમાન છે, કારણ Man is biological animal., એટલે માણસ માત્રમાં  ઘણી પાયાની જૈવીક શારીરીક સમાનતાઓ, એકસરખાપણુ હોય જ. સાથે એ પણ ધ્યાનમાં રાખો કે વ્યકતી કોઈ ચોકકસ પ્રકારના ભૌગોલીક પ્રદેશ, સમાજ, ધર્મ અને સંસ્કૃતીના વાતાવરણમાં જન્મે છે, ઉછરે છે, જીવે છે એટલે 'માણસ માત્ર સમાન' છતાં તેની જીવનરીતી(જેમાં તમામ પાયા સમાઈ જાય છે) તે જે તે સમાજ ધર્મ, સંસ્કૃતીના માળખામાં ઉછરે છે તે પ્રમાણે જ વીકસે છે, એટલે જ પુર્વ-પશ્ચીમ, આદીવાસી-સભ્ય ગ્રામ-શહેરી, ગુજરાતી-મરાઠી-તામીલ હીંદુ-મુસ્લીમ, ખ્રીસ્તી-શીખ એમ અલગ પ્રકારની સંસ્કૃતીઓ એવી ઓળખ આપીએ છીએ. Man is biological, સાથે સાથે  Social-Cultural animal,

પણ છે. માણસ માત્ર પાયાગત સમાનતા ધરાવે છે, છતાં  તેની વીચારસરણી, બાહય આચરણ જીવનરીતી વચ્ચે તફાવત છે. આમ કેમ ?

કોઈ એક વીસ્તારમાં રહેતા માનવસમુહ સુમેળ, પરસ્પર સહકાર, શાંતીથી એક પ્રજારુપે રહે તે માટે કોઈક નીયમો, આચાર સંહીતા ઔપચારીક-અનૌપચારીક બનાવવી જ પડે કે જેથી વ્યકતીની વૈયકતીકતા સાથે સામુહીક એકતા, સુમેળ જળવાય. કાળક્રમે અનૌપચારીક રીતે જરુરીયાત પ્રમાણે જે નીયમો, બંધનો, ઉપજયા તે ક્રમશઃ રુઢ બનતા રુઢી-રીવાજ, પરંપરા કહેવાયા. નીતી-અનીતીનાં ધોરણો,  પ્રકૃતી વીશેની સમજ, માન્યતાઓ વીકસ્યા. જીવનરીતીનો ઘાટ બંધાયો. આ સમગ્ર સામાજીક માળખાને નામ અપાયું ધર્મ (Religion). એક ચોકકસ પ્રકારના ભૌગોલીક વીસ્તારમાં રહેતા લોક સમાન સામાજીક પર્યાવરણમાં જીવન વીતાવે. પરીણામે તેમના જીવનને એકસરખા ઢાળમાં રાખવા માટેનો જે ઢાંચો બંધાયો જે  આચારસંહીતા વીકસી તે કહેવાય code of conduct સંસ્કૃતી.

વીશ્વના અલગ અલગ પ્રદેશોમાં તેમજ તેના વીભાગોમાં તેમ જ એક વીશાળ પ્રદેશમાં તેના વીભાગોમાં સ્થાનીક, જરુરીયાતો, પર્યાવરણ, વગેરેના અનુસાર વીવીધ ધર્મો, વીવીધ જીવનરીતીઓ, વીવીધ સંસ્કૃતીઓ પ્રગટી. વીકસી. દા. ત. : ભારત જેવા ફળદ્રુપ જમીન અને નદીઓના પ્રદેશમાં રહેતા લોકમાં એક પ્રકારની જીવન જીવવા માટેની રીતી બંધાઈ, આચાર-વીચાર બંધાયા, નીતી નીયમો વીકસ્યા. આદર્શો, ધ્યેયો, માન્યતાઓ પ્રગટયા, તે હીંદુ ધર્મ અને હીંદુ જીવનરીતી કહેવાઈ. સાઉદી અરેબીયાના રણ પ્રદેશમાં રહેતા લોકમાં સ્વાભાવીકપણે સ્થાનીક પર્યાવરણ અને જરુરીયાત સંદર્ભોમાં જ ધર્મ, જીવનરીતી, વીકસ્યા. તે ઈસ્લામધર્મ. હીંદુ ધર્મ જીવનરીતી અને ઈસ્લામ ધર્મ જીવનરીતી વચ્ચે ઘણી ભીન્નતા છે તેથી બંને એકબીજાના વીરોધી બની જતા નથી. ભીન્નતા એ વીશીષ્ટતા છે.

કેટલાક એવી સમજ ધરાવે છે કે સમાજ, ધર્મ, સંસ્કૃતી એ એકબીજાથી ભીન્ન સ્વતંત્ર ખ્યાલો છે. આ મોટી ગેરસમજ છે. સંસ્કૃતી એ કોઈ સ્વતંત્ર નીરપેક્ષ ખ્યાલ નથી. આગળ કહયું તેમ સંસ્કૃતી એ જીવન જીવવા માટેની આચારસંહીતા , code of conduct છે. આ આચારસંહીતા, સંસ્કૃતી  એ એક માળખા,  રચનાને ઓળખ માટે અપાયેલું નામ છે,  દા. ત. ભારતમાં જ રહેતા લોકોની સંસ્કૃતી, ભારતીય સંસ્કૃતી, હીંદુત્વ એ રીતે ઓળખ અપાય.  આ ‘ભારતીયતા’ બીજા કોઈ ત્રણ પ્રકારની ઓળખથી અલગ, સ્વતંત્ર અને ભીન્ન છે. ભારતીય સંસ્કૃતી એક એકમ હોવા છતા તેમાં પ્રદેશના પ્રાદેશીક તફાવતોના કારણે

'પ્રાદેશીક સંસ્કૃતીઓ' જેમકે તામીલ સંસ્કૃતી  બંગાળી સંસ્કૃતી, ગુજરાતી સંસ્કૃતી એવી ઓળખ આપીએ છીએ. તે સંસ્કૃતીઓ કહેવાય. આ દરેક સંસ્કૃતીના માળખામાં રહેતા લોકની જીવનરીતીમાં તફાવત છે, આ તમામ ભારતીય હોવા છતાં વળી એ યાદ રાખો કે માનવી એ જીવંત તત્વ છે. જન્મ સમયે સાવ કોરુ મગજ ધરાવતા બાળક ઘડતર પર્યાવરણ, ઉછેરની ધર્મ વગેરેની રીતથી થાય છે, પરંતુ સાવ નીષ્ક્રીય રીતે નહી, માનવી પોતે પોતાના પર્યાવરણમાંથી પોતાની આગવી રીતે અસરો ઝીલે છે, તેમ જ પ્રતીભાવો, પ્રત્યાઘાતો પણ આપે છે. એટલે કે વ્યકતી તેમ જ સમાજ ધર્મ કે સંસ્કૃતી વચ્ચેનો સંબંધ એકપક્ષી નથી. આદાન-પ્રદાન, આઘાત-પ્રત્યાઘાતનો છે,  એટલે જ કાળાંતરે માનવીના વૈયકતીક જીવનમાં તેમ જ સમાજ, ધર્મ, સંસ્કૃતીમાં પરીવર્તનો અને સુધારા થતા રહે છે. વીશાળ અર્થમાં જોઈએ તો ૧૮-૧૯મી સદીના હીંદુધર્મ તેમ જ જીવનરીતીનો જે ઢાંચો હતો તેમાં ૧૫૦ વર્ષો દરમીયાન કેવાં આમુલ પરીવર્તનો આવ્યા છે તે આપણે પ્રત્યક્ષ આપણા પોતાના જીવનમાંથી જોઈ શકીએ છીએ. જીવનરીતીમાં પરીવર્તન આવવા માટેનાં અનેક પરીબળો છે, જેનું વીગતે વીશ્લેષણ અત્રે જરુરી નથી. વળી એથી આગળ જઈએ તો ભારતમાં મુસ્લીમોના આગમન પછી હીંદુ ધર્મ, જીવનરીતી અને સંસ્કૃતી ઉપર ઈસ્લામના પ્રભાવના કારણે જે પરીવર્તનો આવ્યા છે, અંગ્રેજોના આગમન અને અંગ્રેજી શીક્ષણના પ્રભાવથી જે પરીવર્તનો ભારતીય સંસ્કૃતી, જીવનરીતીમાં આવ્યાં છે, તેના તો આપણે પ્રત્યક્ષ પ્રભાવીત થયેલા નમુના છીએ.

જે સમાજ અને સંસ્કૃતી પોતાની અલગ આગવી ઓળખ માટે અન્ય બાહ્ય પરીબળોના પ્રભાવથી પોતાને અળગા રાખે છે, એ ધર્મ સમાજ, સંસ્કૃતી કાળક્રમે બંધીયાર જડ બની જાય છે. એ બંધીયાર-ખાબોચીયાના પાણીની જેમ બંધીયાર અપરીવર્તનશીલ બનીને કોહવાઈ જાય છે. આવો સમાજ રુઢીગ્રસ્ત બની ધીમે ધીમે ક્ષય પામતો રહે છે. આના પ્રત્યક્ષ ઉદાહરણો આપણી સમક્ષ છે.

આજે આપણા સમાજ-જીવનની ફીલસુફી બદલાતી રહી છે. ધાર્મીક કટ્ટરતા, વૈચારીક, બંધીયારપણું, હઠાગ્રહ અને અલગતાને બદલે માનવસમાજ જ એકતા, સમાનતા, ભેદભાવવીહીનતા, વૈયકતીક સ્વાતંત્ર્ય ઉદારતાને આપણે અગ્રીમતા આપીએ છીએ. આવો સમાજ, જીવનરીતી, સંસ્કૃતી વૈયકતીક તેમ જ સામુહીક પ્રજાકીય જીવનને વધારે સગવડભર્યા સ્વસ્થ અને જીવવા યોગ્ય બનાવશે. માણસ એ સજીવ, ચેતનવંત છે. એણે સતત પ્રગતીશીલ રહેવું જોઈએ.

**સત્યશોધક સભા આયોજીત**

# એક દીવસીય કાર્ય શીબીર

**તા. ૧૬–૭–૧૭**

**સવારે ૯.૦૦ થી સાંજે ૪.૦૦**

વિષય : **ધર્મ અને રાષ્ટ્રવાદ**

**:: સ્થળ ::**

નવજીવન રેસ્ટોરન્ટ, ભૂરખીયા આર્કેડ, એવરલાસ્ટ ગેસ પોઈન્ટની સામે,
સરથાણા જકાત નાકાની પાસે, સુરત-કામરેજ રોડ, સુરત

**:: કાર્યક્રમ ::**

સવારે : ૯.૦૦ થી ૯.૩૦ નોંધણી - ચા-નાસ્તો

૯.૩૦ થી ૧૦.૩૦

**:: ઉદ્‌ઘાટન બેઠક ::**

પ્રમુખ : **ડો. બી. એ. પરીખ**

**:: મુખ્ય પ્રવચન ::**

**ડો. વિદ્યુત જોશી**

ભુતપુર્વ નીયામક : સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત અને
જાણીતા કટાર લેખક

૧૦.૩૦ થી ૧૦.૪૫ ચા
૧૦.૪૫ થી ૧૨.૦૦ પહેલી બેઠક : **ધર્મોનું બાહુલ્ય અને રાષ્ટ્રવાદ**

**:: ચર્ચાની શરુઆત ::**

પ્રા. અજિત નાયક

૧૨.૦૦ થી ૧૨.૧૫ વીશ્રાંતી
૧૨.૧૫ થી ૧.૩૦ બીજી બેઠક : **ધર્મોની પૌરાણીકતા અને રાષ્ટ્રવાદની આધુનીકતા**

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2016-2018

(અનુ. ટા. ત્રણથી)

**:: ચર્ચાની શરુઆત ::**

શ્રી પ્રેમ સુમેસરા

૧.૩૦ થી ૨.૧૫ ભોજન

૨.૧૫ થી ૩.૩૦ ત્રીજી બેઠક : **ધર્મ, રાષ્ટ્રવાદ અને વૈશ્વિક માનવવાદ**

**:: ચર્ચાની શરુઆત ::**

**શ્રી ઉત્તમ પરમાર**

**૩.૩૦ થી ૪.૦૦ પુર્ણાહુતી સમારંભ – પ્રમુખ : શ્રી સુર્યકાન્ત શાહ**

**:: નોંધ ::**

(૧) કાર્યક્રમની બધી બેઠકો નીર્ધારીત સમયે શરુ, અને પુરી થશે.

(૨) વહેલો તે પહેલાના ધોરણે એક સો શીબીરાર્થીઓ નોંધવામાં આવશે.

(૩) નોંધણી ફી રૂા. ૧૦૦ છે. આ ફી સત્યશોધક સભા, C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા સુરત-૩૯૫ ૦૦૧. રુબરુ અથવા મ. ઓ.થી આપવાની રહેશે. કામકાજના દીવસોએ સવારે ૯.૦૦ થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૭.૦૦ દરમીયાન ફી આપી શકાશે.
ફોન : (૦૨૬૧) ૨૫૯૦૪૭

(૪) શીબીર સ્થળે આવવા-જવાની અને બહારગામથી આવનારાઓએ ઉતારાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યુ. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**